# સાચું ગુરુપૂજન

'બેટા, તારું નામ શું ?'

'સત્યકામ.'

'પિતાનું નામ ?'

'-'

'કુળ ?'

'-'

'ગોત્ર ? શાખા ?'

'-'

'માતાનું નામ ?'

'જાબાલિ.'

'ક્યાં રહે છે ?'

'અહિ નજીકના વનમાં.'

'અહિ શું કરવા આવ્યો છે ?'

'વિદ્યા શીખવા.'

'જેને પોતાના પિતા, કુળ, ગોત્ર, શાખા કશું જ ખબર નથી તેને વિદ્યા કેવી રીતે શીખવાડાય ? હું તારો શિષ્ય તરીકે સ્વીકાર કરી શકું એમ નથી !'

'ગુરૂજી, મારી માતાએ કહ્યું છે કે ખરેખર વિદ્યા શીખવી જ હોય તો આ બધું અનિવાર્ય નથી. મેં તમને ગુરુ તરીકે સ્વીકારી લીધા છે. મને આજ્ઞા આપો.'

'ભલે, તો આ ગાયોને લઈ જા. ૧૦૦૦ ગાય થાય ત્યારે પાછો આવજે.'

વૈદિક કાળના સુપ્રસિદ્ધ અને પ્રખર જ્ઞાની હરિદ્રુમત ઋષિના આશ્રમમાં ૭-૮ વર્ષના બાળકનો અને ગુરુનો આ પ્રથમ લૌકિક વાર્તાલાપ હતો અને કદાચ અંતિમ પણ !

આ સુપ્રસિદ્ધ દૃષ્ટાંત આપણે જાણીએ છીએ. ગુરુ વચનને જ શ્વાસોશ્વાસ ગણનાર એ પરમ જિજ્ઞાસુ અને સત્યનિષ્ઠ શિષ્યે ગુરુ આજ્ઞા એવી અદ્દ્ભુત શ્રદ્ધા અને ખટકાથી પાળી કે જયારે આશ્રમની એ ગાયોની સંખ્યા ૧૦૦૦ની થઈ ત્યારે ગુરુના અદશ્ય આશિષથી સત્યકામ જાબાલિ પણ બ્રહ્મજ્ઞાનનો ઉપભોક્તા થઈ ચૂક્યો હતો!

લૌકિક દૃષ્ટિએ ગાયો અને બ્રહ્મવિદ્યાને શો સંબંધ ? કશો જ નહિ... પણ આવા બ્રહ્મવેત્તા ગુરુ હોય તો એનું મહત્ત્વ અનંત મોટપને અપાવનાર એકડા જેટલું છે !



'બેટા, મુન્ના !'

'આવી બાબા.'

'જરા પેલું ફાનસ પેટાવી લાવ તો ? અત્યારે અંધારાને કારણે મને બરાબર દેખાતું નથી.'

'ભલે, બાબા.'

પાંચેક મિનિટ પછી ૮-૧૦ વર્ષની એ નિર્દોષ બાલિકા મુન્નાએ પોતાના સર્વસ્વ એવા ગુરુ **સંત કબીર** પાસે ફાનસ પેટાવી મૂક્યું. જયારે એના મુખારવિંદ પર ગુરુની આજ્ઞા પાળ્યાનો પરમ સંતોષ હતો ત્યારે ત્યાં હાજર રહેલા કેટલાક જ્ઞાની ને શાણા ભક્તોના મુખ ઉપર કંઈક આશ્ચર્ય અને વધુ તો મશ્કરી કે મજાક ભરેલ સ્મિત ફરકતું હતું.

કારણ એટલું જ હતું કે તે સમય મધ્યાન્હનો હતો ! જડબુદ્ધિના તમસથી ઘેરાયેલા એ કહેવાતા આગવા ભક્તો કે વડીલોના અંતરમાં અંધકાર વ્યાપી રહ્યો હતો ત્યારે લૌકિક દૃષ્ટિએ સાવ બાલિશ ગણાતી એ અબુધ બાળાના અંતરમાં ગુરુકૃપાના ફળસ્વરૂપે જ્ઞાનનો સૂર્ય મધ્યાન્હે પ્રકાશી રહ્યો હતો !

લૌકિક દૃષ્ટિએ ફાનસને અને બ્રહ્મવિદ્યાને શો સંબંધ ? કશો જ નહિ... પણ કબીર જેવા પ્રખર જ્ઞાની ગુરુ હોય અને મુન્ના જેવી નિર્દોષતા ને સરળતાની મૂર્તિ જેવી શિષ્યા હોય તો એ ટમટમિયા જેવું ફાનસ પણ બ્રહ્મજ્ઞાનનો સૂર્ય બની શકે !



એનું નામ હતું **સનંદન.** અદ્વૈત મતના પ્રવર્તક, પ્રખર વિદ્વાન અને સમર્થ ગુરુ **આદિ શંકરાચાર્ય**નો એ માનીતો શિષ્ય. ખરેખર વંદન કરવા યોગ્ય એની ઉત્કૃષ્ટ અભીપ્સા, સેવા અને ગુરુભક્તિ ! તેથી જ અવારનવાર ગુરુ એને વિશિષ્ટ કાર્ય સોંપે અને દરેક વખતે ગુરુની મરજી મુજબ તે કાર્ય સિદ્ધ કરી બતાવે. દેખીતી રીતે જ આશ્રમના કેટલાક વિઘ્ન સંતોષી અને અદેખા શિષ્યોને સનંદન આંખના કણાની જેમ ખૂંચે ! ગંગા નદીને કિનારે શંકરાચાર્યનો આશ્રમ હતો. નદીની સામે પાર ગુરુએ શિષ્યને કંઈ કાર્ય સોંપ્યું. દિવસો વીતતા ગયા. કાર્ય પૂરું થવાની તૈયારી હતી ને એટલામાં ચોમાસુ બેઠું ! ગંગા નદીમાં તો પૂર આવ્યું. રોજ નદી પાર કરી ગુરુદર્શને આવનાર સનંદન માટે ગુરુ દર્શન અને ગુરુ આશિષનો અવસર બંધ થઈ ગયો. પણ અંતરમાં તો ગુરુનું રટણ અને દેહે કરીને ગુરુએ સોંપેલ કાર્ય કેમ કરીને ઉત્કૃષ્ટ રીતે પાર પડે એ જ લગન હતી ! બીજી બાજુ દ્વેષી શિષ્યો ગુરુ શિષ્યના સંબંધમાં પડેલ આ બાહ્ય ભંગાણથી મનોમન હરખાતા હતા. એવામાં એક દિવસ અચાનક જ ગુરુએ સવારના પહોરમાં નદી કિનારે જઈ સનંદનને બૂમ મારી, 'ઓ સનંદન ! તારું કામ પૂરું થયું. હવે અહિ આવી જા.' એમ બે-ત્રણ વખત કહ્યું. પણ સનંદન આવે કેવી રીતે ? નદીમાં તો પૂર હતું. ગુરુએ કહ્યું, 'આ પાણી પરથી ચાલીને આવ.' બધાના શ્વાસ અદ્ધર થઈ ગયા ! ન થયા ફક્ત ગુરુવચને જ ઝંપલાવી દેનાર સનંદનના ! ગુરુ આજ્ઞાને શિરસાટે પાળવા જેવો સનંદને પાણીમાં પ્રથમ ડગ માંડ્યો કે પગ નીચે પદ્મ (કમળ) ઊભું થયું. એ રીતે દરેક પગલે પદ્મ ઊભાં થતાં ગયાં ને તે સામે કિનારે ગુરુ પાસે પહોંચી ગયો ! આ પ્રસંગ પછી તેનું સ્વરૂપ જ નહિ પણ નામ પણ બદલાઈ ગયું ને તે બની ગયા **'પદ્મપાદાચાર્ય.'**



'પ્રાગજી, અહિ આવો તો !'
'આવ્યો સ્વામી, કહો શી આજ્ઞા છે ?'
'પેલો ગિરનાર જોયો ને ?'
'હા, સ્વામી !'
'જાવ, એને અહિ બોલાવી લાવો !'
'ભલે સ્વામી !'

અને ગુરુ વચનની સાથોસાથ જ પ્રાગજી ઊપડ્યા ! તે ગિરનાર નામની કોઈ વ્યક્તિને નહિ પણ સૌરાષ્ટ્રમાં જૂનાગઢને પડખે અડીખમ ઊભા રહેલા ગિરનાર પર્વતને બોલાવવા !

સ્વાભાવિક છે કે લૌકિક દૃષ્ટિએ સમાજમાં નીચલા વર્ણની કોમના એ હરિભક્ત વિશે હાજર રહેલ કેટલાક ઊંચી કોમના સવર્ણ અને જ્ઞાની ભક્તોના મનમાં તેના આ 'વેદિયાપણા'થી કંઈક ઉપાલંભ કે મજાક મશ્કરીના મિશ્રિત ભાવો ઊમટ્યા હોય અને તેથી જ પ્રાગજી જ્યારે એ ભક્તોની દૃષ્ટિએ 'એમ ને એમ' - ગયા હતા એવા જ - પાછા આવ્યા ત્યારે તેઓએ કહ્યું પણ ખરું કે 'અરે ! દોઢ ડાહ્યા ! એમ ગિરનાર કંઈ અહિ આવતો હશે ? એ જડ પર્વત છે. એનામાં ચેતન નથી એટલીય સૂઝ નથી પડતી ?'

પરંતુ ગુરુની આજ્ઞામાં જ સર્વે સુખનું મૂળ સમાયું છે એવી અપ્રતિમ સૂઝથી અને ગુરુઆજ્ઞામાં જ મરી મીટવાના ઉમંગથી જેનું અંતર સદાય સભર અને તત્પર હોય એવા પ્રાગજી ભક્ત અર્થાત્ **ભગતજી મહારાજ**ના અંતરની એ સૂક્ષ્મ સૂઝને લૌકિક મૂલ્યાંકનોથી જ જોવાને ટેવાયેલા એવા અખતર ડાહ્યા વડીલો ક્યાંથી પારખી શકે?

બાકી લૌકિક દૃષ્ટિએ તો ગિરનાર જેવા પર્વત અને બ્રહ્મવિદ્યાને શો સંબંધ ? કશો જ નહિ... પણ સાક્ષાત્ **અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદસ્વામી** જેવા સમર્થ ગુરુ હોય અને સેવા, ખટકા, શ્રદ્ધા, ઉમંગ અને નિર્દોષબુદ્ધિના જીવંત પ્રતીક સમ **પ્રાગજી ભક્ત** જેવા તેમના શિષ્ય હોય તો એ જ ગિરનાર બ્રહ્મવિદ્યાના સર્વોત્કૃષ્ટ શિખરે પહોંચાડી દે એવું ભગતજી મહારાજના જીવનમાંથી શું આપણે નથી જાણી શકતા ?





આજથી લગભગ ૪૦ વર્ષ પહેલાંનો પ્રસંગ છે. રાજકોટના ભક્તિનગર સ્ટેશન ઉપર ગુરુ અને શિષ્ય ટ્રેનની રાહ જોતા ઊભા હતા. ટ્રેનને આવવાને વાર હતી. બ્રહ્મમસ્તીમાં ગુલતાન એવા ગુરુને શિષ્ય અનિમિષ નજરે નિહાળી રહ્યા હતા. અચાનક જ ગુરુને શું યાદ આવ્યું કે એમણે શિષ્યને બોલાવીને કહ્યું કે, ‘જાઓ, આ સ્ટેશનની ટિકિટબારી પરથી પોસ્ટકાર્ડ અને થોડી ટપાલની ટિકિટ લઈ આવો !’

ગુરુની આવી આજ્ઞાથી કોઈ પણ શિષ્ય જરૂરથી અચંબો પામે અને એમાં પણ ગુરુ જ્યારે બી.એ., બી.એસ.સી. (ઈકોનોમિક્સ), એ.સી.પી. (લંડન) જેવી પરદેશની ઉચ્ચ ડિગ્રીઓ ધરાવતા હોય અને શિષ્ય પોતે પણ વ્યવસ્થિત રીતે ભણ્યા હોય તો ગુરુ તરફથી આવેલ આ તદ્દન અસંગત સૂચનથી વિમાસણ તો અનુભવે જ ને ? પણ સત્પુરૂષને કદી ના ન કહેવી એવી બ્રહ્મવિદ્યાની બારાખડી જેમણે દઢપણે ઘૂંટી લીધી હતી તેવા એ વિચક્ષણ અને શૂરવીર શિષ્ય ગુરુ આજ્ઞાની સાથે જ ટિકિટબારી પર ટ્રેનની ટિકિટ લેનારા મુસાફરોની સાથે જ ટપાલ ટિકિટ લેવા કતારમાં ઊભા રહી ગયા !

‘મારો નંબર આવશે ને હું ટ્રેનની ટિકિટ બદલે ટપાલની ટિકિટ માંગીશ તો સામે ટિકિટ આપનાર કર્મચારી શું કહેશે ? મારી મશ્કરી કરશે ? મારા પર ગુસ્સે થશે ? મારા પર હસશે ? અન્ય મુસાફરો સમક્ષ મારી ફજેતી કરશે?’ વિ. કેટલાય વિચારો એ યુવાન શિષ્યના મનમાંથી પસાર થઈ ગયા અને એક વાર તો એ ટિકિટની લાઈનમાંથી બહાર નીકળી વિચાર કરવા લાગ્યા કે ‘ખરેખર ગુરુએ ટપાલ ટિકિટ જ માંગી છે ને ? મારા કાને કંઈ ખોટું તો નથી સાંભળ્યું ને ?’ પણ ફરી મનમાં વિચાર આવ્યો કે, ‘પોતાને તો રેલ્વે ટિકિટ બારી પરથી ટપાલ ટિકિટ લેવાનો સ્વપ્ને પણ વિચાર ન આવે. એટલે ગુરુની આજ્ઞા તો સાચી જ છે. હવે મન ગમે એટલા તુક્કા કરે, પાછી પાની કરવી જ નથી’ એમ દઢ ગાંઠ વાળી તેઓ કતારમાં ઊભા રહ્યા અને એમના આશ્ચર્ય વચ્ચે ટિકિટ આપનાર કર્મચારીએ એમને પોસ્ટકાર્ડ અને ટપાલ ટિકિટો આપી પણ ખરી ! એ શિષ્ય પાછા આવ્યા ત્યારે હાથમાં ફક્ત ટપાલ ટિકિટ જ ન હતી પણ એ ટિકિટ રૂપે ગુરુની અંતરની હાશનો જાણે પરવાનો પણ હતો. બન્યું હતું એવું કે એ દિવસે જ ટિકિટ આપનાર કર્મચારીએ પોસ્ટ ઓફીસેથી થોડી ટપાલ ટિકિટો પોતાના માટે ખરીદી હતી અને એમાંથી જ થોડી ટિકિટો એણે આ ‘વિશિષ્ટ’ ગ્રાહકને આપી હતી !

એ વિશિષ્ટ ગ્રાહક હતા સોરઠના ખમીરવંતા,અજોડ સત્સંગ સેનાપતિ અને ગુણાતીત સમાજના જ્યોતિર્ધર **પ.પૂ. હરિભાઈ સાહેબ** અને ગુરુ હતા ગુણાતીત સમાજના સર્જનહાર ચૈતન્યશિલ્પી ગુરુહરિ **પ.પૂ. કાકાજી !**

વહાલા સત્સંગી સ્વજનો ! આવા તો કેટલાય પ્રસંગો આધ્યાત્મિક ઈતિહાસનાં પૃષ્ઠો પર સુવર્ણ અક્ષરે અંકિત થયા છે. **અનાદિ મૂળ અક્ષર મૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામી**ની વાત મુજબ **શિષ્ય ગુરુને મન સોંપે તો અંતઃકરણનું અજ્ઞાન ટાળી એને સુખિયો કરી દે** એ ફક્ત શાસ્ત્રાર્થ જ્ઞાન કે શીખ નથી પણ નક્કર હકીકત છે એનું આ પ્રસંગો પ્રત્યક્ષ પ્રમાણ આપે છે.

ઉપરના બધા જ પ્રસંગોમાં સામાન્ય તો શું કોઈ વિદ્વાન વ્યક્તિની પણ સમજમાં ન આવે એવા પ્રસંગો ગુરુએ ઊભા કર્યા છે અને શાસ્ત્રોનાં પરિમાણોથી પરની કોઈ અદ્‌ભુત હૈયાસૂઝથી એ વિરલ શિષ્યોએ ગુરુની આજ્ઞા અક્ષરશઃ પાળીને ગુરુનો વિશિષ્ટ રાજીપો મેળવ્યો છે. અને ખરી વિશિષ્ટતા તો એ છે કે આમાંના એકેય પ્રસંગમાં ગુરુએ શિષ્યને અગાઉથી વાકેફ કે સાવચેત નથી કર્યા, પોતે અનોખી પરીક્ષા લઈ લેવાના છે એવો આછો પાતળો ઈશારો પણ નથી આપ્યો. કોઈ વિરલ ક્ષણે આકસ્મિક રીતે જ શિષ્યની પરીક્ષા લેવાઈ ગઈ છે અને શિષ્યએ પણ ઝબકારામાં મોતી પરોવે એમ મન-બુદ્ધિનાં બધાં જ મૂલ્યાંકનો, લૌકિક ગણત્રીઓને હડસેલીને ગુરુઆજ્ઞાને સારધાર પાળી એ વિરલ ક્ષણોને પોતાના જીવનની ધન્ય ક્ષણોમાં પલટાવી દીધી છે. એનું કારણ એટલું જ છે… ગુરુમાં મન-બુદ્ધિ પરનો અપ્રતિમ વિશ્વાસ ! ગુરુના સામર્થ્યમાં અદ્‌ભુત ભરોસો ! ગુરુની સર્વોપરીતાની અતિ દઢ નિષ્ઠા !

**ગુરુહરિ કાકાજી**ના જીવનમાં પણ લૌકિક રીતે અસંગત લાગતા કેટલાય પ્રસંગોમાં તેમના ગુરુ **બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજ** અને **બ્ર.સ્વ. યોગીજી મહારાજે** તેમને ખરેખરા તાવ્યા છે. કેટલીય અશક્ય લાગતી આજ્ઞાઓ કરી છે ને કાકાજીએ એ બધી જ શિરસાટે પાળી છે. એક પછી એક એકમેકથી કપરી એવી પરિસ્થિતિઓમાં એમને મૂકીને જાણે એમનું આંતરહીર ચકાસ્યું છે ને એ બધામાં જ કાકાજી ‘સો ટચના સોના’ જેવા પૂરવાર થયા છે.

એક જ પ્રસંગ વિચારીએ કે ચૂંટણી અને આધ્યાત્મિકતાને શો સંબંધ ? કશો જ નહિ... પણ તોય શાસ્ત્રીજી મહારાજના સંબંધવાળા પ.ભ. નંદાજીની ચૂંટણી જ કાકાજીના સાક્ષાત્કાર માટેનું નિમિત્ત બની ને ? હે સાથીઓ, કઈ વ્યક્તિ, પદાર્થ કે પ્રસંગ નિમિત્ત બને છે એ કરતાં કઈ રીતે, કેવા પ્રસંગોમાં નિમિત્ત બને છે એ વધુ મહત્ત્વનું છે. ને આવા પ્રસંગો, આવી પળો જ્યારે પણ આપણા જીવનમાં સાકાર થાય તે જ સાચું ગુરુ પૂજન અને તે ધન્ય દિવસ જ સાચી ગુરુપૂર્ણિમા !

અષાઢ સુદ પૂનમે આવતી **'ગુરુપૂર્ણિમા'** આપણા આખા વર્ષના દરેક દિવસને સાચી ગુરુપૂનમ બનાવવા આપણને ઈજન આપે છે. આ દિવસ એવા સાચા ગુરુ પૂજન માટેના સંકલ્પનો અને તે માટેની અંતરની પ્રાર્થનાનો છે ! આવો... ગુરુપૂર્ણિમાના આ મંગલકારી પર્વે સર્વે ગુણાતીત પુરુષોના જીવનના આવા મંગલકારી અને ધન્ય પ્રસંગોના પ્રેરણાદાયી તેજકિરણો આપણા અંતરને પણ નિરંતર પ્રકાશી રહે એ જ પ્રાર્થના એમના ચરણે મૂકીએ !